સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર જી પટેલ કન્યા શાળામાં સ્વરચિત રાખડી સ્પર્ધા યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા શાળામાં સ્વરચિત રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. માધ્યમિક વિભાગમાં અનુક્રમે અંજના બી પ્રજાપતિ, ક્રિષ્ના બી વાઘેલા અને જીનલ એચ પ્રજાપતિ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અનુક્રમે જયતિ એન આચાર્ય અને આયુષી વી પંડ્યા વિજેતા બન્યાં હતાં. આ સર્જનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ શાળા પરિવાર તરફથી વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# શાળાકીય જુડો સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલ ઝળકી



જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા બ્લિસ હાઈસ્કૂલ, માણસા ખાતે શાળાકીય અન્ડર-૧૯ જુડો સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાના વિવિધ વજનના વિભાગમાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના ૩ વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. કરણસિંહ ખોડાજી વાઘેલા, વિરેન્દ્રસિંહ અનોપસિંહ વાઘેલા અને અજય અરવિંદભાઈ વસાવાએ આ વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. વિજેતા વિદ્યાર્થીઓ અને તેમને તાલીમ આપનાર વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતને બિરદાવી આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

## શહેરના મેયર રીટાબેન પટેલનો આજે જન્મદિવસ



શહેરના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલનો આજે જન્મદિવસ છે. અસરકારક નિર્ણય શક્તિ અને સંવેદનશીલ વ્યક્તિત્ત્વ ધરાવતા રીટાબેન પટેલના નેતૃત્ત્વમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિકાસમાં અગ્રેસર રહે એવી શુભકામનાઓ...

## જન્મદિને વધામણી



**તુષાર બારોટ**
નિવાસી તંત્રી,
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬



**મધુસૂદન વોરા**
પ્રમુખ, જૈન સોશ્યલ ગૃપ



**પરી દીપકભાઈ પરમાર**
મો. ૯૬૨૪૧ ૩૧૩૪૬



**ધ્યાન ઋષિકેશ અમીન**
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭

# કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ







ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય ના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારના NDRF વિભાગ દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ બાબતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્સ્પેકટર રાજેન્દ્રસિંઘ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ડિઝાસ્ટર સમયે સામાન્ય સ્વબચાવની સાથે-સાથે કઈરીતે સમાજને ઉપયોગી થઈ શકે તે બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડો.રમાકાંત પૃષ્ટિ, ડો.વિજ્ઞા ઓઝા, પ્રો.રૂપેશ વ્યાસ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું.

વાડોકાઈ કરાટે-ડો અકેડમીની ગાંધીનગર શાખા દ્વારા

# કલોલમાં ગાંધીનગર-મહેસાણા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ યોજાઈ

ગાંધીનગર

વાડોકાઈ કરાટે-ડો અકેડમીની ગાંધીનગર શાખા દ્વારા તાજેતરમાં ગાંધીનગર-મહેસાણા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલ સ્થિત અનન્ય વિદ્યાલય ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ગાંધીનગર અને મહેસાણાની વિવિધ ૧૩ શાળાઓનાં ૧૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા વ્હાઈટ બેલ્ટ થી ઓરેન્જ બેલ્ટ સુધીનાં જુનીયર વિદ્યાર્થીઓ માટે જ યોજાઈ હતી.





આ સ્પર્ધામાં વિજેતા ટ્રોફી અને રનર અપ ટ્રોફી કબ્જે કરવામાં મહેસાણા જિલ્લાની શાળાઓએ સફળતા મેળવી હતી. ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે વીસનગરની શ્રી સહજાનંદ પ્રાઈમરી સ્કુલની ટીમ પ્રથમ સ્થાન અને ૫ ગોલ્ડ મેડલ્સ સાથે કડી સ્થિત આદર્શ વિદ્યાલયની ટીમ દ્વિતીય સ્થાને રહી હતી. ત્રીજા સ્થાને આવેલી ગાંધીનગરની હિલહુડ સ્કુલના વિદ્યાર્થીઓ ૪ ગોલ્ડ મેડલ્સ મળવવામાં સફળ રહ્યાં હતા.

શીહાન અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં યોજાયેલી આ સ્પર્ધાનાં આયોજન સમિતિનાં ચેરમેન તરીકે રેન્શી ગૌરાંગ રાણા અને સચિવ તરીકે સેનસાઈ સુરજ ત્રિપાઠી હતા.

સ્પર્ધાના સમાપન સમારોહમાં વાડોકાઈ કરાટેનાં ભારતનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણા સહિત સ્કુલ કેમ્પસનાં ડાયરેક્ટર વિમલભાઈ પ્રજાપતિ તથા અનન્ય વિદ્યાલયના ઈંગ્લીશ મિડીયમનાં આચાર્યા નીતુબહેન માથુર, રેન્શી ગૌરાંગભાઈ રાણા, સેનસાઈ કલ્પેશભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યાં હતા. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાને અંતે રેન્શી ગૌરાંગભાઈ રાણાના માર્ગદર્શનમાં તૈયાર થયેલી બ્રાઉન અને બ્લેક બેલ્ટ ધરાવતી વિદ્યાર્થીનીઓએ રોમાંચક નિદર્શન કર્યું હતું.

સમાપન સમારોહનું મંચ સંચાલન સેનસાઈ યોગેશભાઈ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધાને સફળ બનાવવા સેનસાઈ કેતન ચૌધરી, સિનીયર બ્લેક બેલ્ટ લિપ્સી ભટ્ટ, પ્રાચી ગજ્જર, અનેરી પટેલ, મંથન કાંબલે તથા દુષ્યન્ત જાદવ સહિત અનેક સિનીયર વિદ્યાર્થીઓએ પ્રસંશનીય કામગીરી કરી હતી.

## વર્તમાનપત્રોનો અનુભવ

હજુ બીજા યુરોપિયન ગાઢ પરિચયો આપવાના રહે છે, પણ તે પહેલાં બે ત્રણ અગત્યની વસ્તુઓની નોંધ લેવાની આવશ્યકતા છે. એક પરિચય હમણાં આપી દઉં. મિસ ડિકને દાખલ કર્યેથી જ મારું કામ હું પૂરું કરી શકું તેમ નહોતું. મિ. રીચને વિષે હું અગાઉ લખી ચૂક્યો છું. તેમની સાથે તો મને સારો પરિચય હતો જ. તે વેપારી પેઢીમાં સંચાલક હતા. ત્યાંથી છૂટી મારી નીચે આર્ટિકલ લેવાની મેં સૂચના કરી. તે તેમને ગમી, ને ઑફિસમાં દાખલ થયા. મારા ઉપરથી કામનો બોજો હળવો થયો.

આ અરસામાં જ શ્રી મદનજિતે 'ઇંડિયન ઓપીનિયન' છાપું કાઢવાનો વિચાર કર્યો. મારી સલાહ ને મદદ માગ્યાં. છાપખાનું તો તે ચલાવતા જ હતા.છાપું કાઢવાના વિચારમાં હું સંમત થયો. આ છાપાની ઉત્પતિ ૧૯૦૪માં થઈ. મનસુખલાલ નાજર અધિપતિ થયા. પણ અધિપતિપણાનો ખરો બોજો મારા ઉપર જ પડ્યો. મારે નસીબે ઘણે ભાગે હમેશ દૂરથી જ છાપાનું તંત્ર ચલાવવાનું આવ્યું છે.

મનસુખલાલ નાજર તંત્રીપણું ન કરી શકે એવું કાંઈ નહોતું. તેમણે તો દેશનાં ઘણાં છાપાં ને સારુ લખાણો કર્યા હતાં. પણ દક્ષિણ આફ્રિકાના અટપટા પ્રશ્નો ઉપર મારી હાજરી છતે સ્વતંત્ર લેખો લખવાની તેમણે હિમત જ ન કરી.મારી વિવેકશક્તિ ઉપર તેમનો અતિશય વિશ્વાસ હતો. એટલે જે જે વિષયો ઉપર લખવાપણું હોય તે ઉપર લખી મોકલવાનો બોજો મારા પર ઢોળતા.

આ છાપું સાપ્તાહિક હતું, જેવું આજે પણ છે. પ્રથમ તો તે ગુજરાતી, હિંદી , તામિલ અને અંગ્રેજીમાં નીકળતું. પણ મેં જોયું કે તામિલ ને હિંદી વિભાગો નામના જ હતા. તેવાટે કોમની સેવા નહોતી થતી એમ મેં જોયું. તે વિભાગો રાખવામાં મને જૂઠનો આભાસ આવ્યો, તેથી તે વિભાગો બંધ કર્યા ને મેં શાંતિ મેળવી.

આ છાપામાં મારે કંઈ પૈસા રોકવા પડશે એવી મારી કલ્પના નહોતી. પણ થોડી મુદતમાં મેં જોયું કે જો હું પૈસા ન આપું તો છાપું ન જ ચાલે. છાપાનો હું અધિપતિ નહોતો, છતાં હું જ તેના લખાણને સારુ જવાબદાર હતો, એમ હિંદી ને ગોરા બંને જાણતા થઈ ગયા હતા. છાપું ન જ નીકળ્યું હોત તો અડચણ નહોતી, પણ કાઢયા પછી બંધ થાય તો તેમાં કોમની નામોશી થાય તેમ હતું ને કોમને નુકસાન થતું હતું એમ મને લાગ્યું.

હું તેમાં પૈસા રેડતો ગયો, ને છેવટે જેટલું બચતું હતું તે બધું તેમાં જ જતું એમ કહેવાય. એવો સમય મને યાદ છે કે જ્યારે મારે દર માસે ૭૫ પાઉંડ મોકલવા પડતા.

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# અમૃત 'ઘાયલ'ના ૧૦૪મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા. ૨૦

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સોમવારે સાંજે ૫-૩૦ કલાકે મીલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરિયમ(આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે આશ્રમ રોડ અમદાવાદ ખાતે ગઝલકાર અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ, અમૃત 'ઘાયલ'ના ૧૦૪મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'આઠો જામ ખુમારી'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં ગાયક કલાકાર વિપુલ આચાર્યએ અમૃત 'ઘાયલ'ની ગઝલ 'કાજળભર્યા નયનનાં કામણ મને ગમે છે' અને ડૉ. ફાલ્ગુની શશાંકે 'શબ્દની આરપાર જીવ્યો છું'ની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી. અમૃત 'ઘાયલ'ની ગઝલસૃષ્ટિ વિશે અને 'ઘાયલ'ના જીવન વિશે જાણીતા કવિ વિનોદ જોશીએ વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કવિઓ તેમજ કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી ન હતી.

# ભાડજ મંદિરમાં ઉજવાયો બલરામ પ્રાગટ્ય મહોત્સવ



ગાંધીનગર, તા. ૨૦

ભગવાન શ્રી કૃષ્ણના ભાઈ શ્રી બલરામના પ્રાગટ્ય દિવસનો પાવન અવસર શ્રાવણ મહિનાની પૂર્ણિમાના રોજ હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવવામાં આવ્યો હતો. ભગવાન શ્રી બલરામ રોહિણી અને વસુદેવના પુત્ર તરીકે પ્રગટ થયા હતા. તેઓ બલદેવ અને સંકર્ષણ તરીકે પણ ઓળખાય છે. તેઓ આત્મજ્ઞાનની શોધમાં આવતા વિઘ્નોને ઓળંગવા માટેની જરૂરી આધ્યાત્મિક શક્તિ પ્રદાન કરે છે. હરે કૃષ્ણ મંદિરના ભક્તોએ બપોર સુધી ઉપવાસ કર્યા અને ભગવાન શ્રી બલરામને આધ્યાત્મિક જીવન જીવવા માટેની જરૂરી શક્તિ પ્રદાન કરવા માટે પ્રાર્થનાઓ કરી.

આ ભવ્ય દિવસને હરે કૃષ્ણ મંદિર ખાતે ઝૂલણ યાત્રા મહોત્સવના પાંચમા અને અંતિમ દિવસ તરીકે અંકિત કરવામાં આવ્યો હતો. પૂર્ણિમાની રાત્રે ચળકતા સફેદ ચંદ્રની જેમ શ્રી રાધા માધવ સફેદ પુષ્પોથી બનેલા વિશિષ્ટ વાઘામાં સુસજ્જિત હતા. આ હિંડોળાને ભારતના વિવિધ પ્રાંતમાંથી લાવેલા વિશિષ્ટ પુષ્પોથી સજાવવામાં આવ્યો હતો. શ્રી રાધા માધવને હિંડોળા પર બિરાજમાન કરાવીને સુમધુર કીર્તન અને ભજન સાથે આરતી ઉતારવામાં આવી હતી. દર્શન અને મહોત્સવમાં ભાગ લેવા માટે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. સમગ્ર દિવસ દરમ્યાન મંદિરમાં આવનાર બધા જ શ્રદ્ધાળુઓને કૃષ્ણ પ્રસાદ વિતરિત કરવામાં આવ્યો હતો. ઝૂલણ યાત્રા મહોત્સવના પાંચ દિવસ દરમ્યાન ૨૦ હજાર કરતાં પણ વધારે ભક્તો મંદિરમાં દર્શનાર્થે આવ્યા અને શ્રી રાધા માધવના આશીર્વાદ ગ્રહણ કર્યા.